ક્રમાંક: બમશ/૧૧૨૦૨૦/૧૦૫૨/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૦૧/૨૦૨૨.

પ્રતિ,
કમિશ્નરશ્રી,
શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય: બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતાં આચાર્યોના પગારધોરણ બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપના તા.૧૧/૦૧/૨૦૨૨ના પત્ર ક્રમાંક: ઘ/પેન-૩/આચાર્ય-પગાર /૨૦૨૨/૫૯૦ના સંદર્ભમાં જણાવવાનું કે, ઉક્ત પત્રથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામતા આચાર્યની પગાર બાંધણી બાબતે સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાઈ રહે તે હેતુસર સ્પષ્ટતા કરવા દરખાસ્ત કરેલ છે. જેના અનુસંધાને વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૨૦૦૧/૧૧૦/ગ અને તા.૦૩/૧૨/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૦૦૪/૧૧૩૦/ગ તથા તા.૨૧/૦૭/૨૦૧૬ના અને તા.૨૯/૧૨/૨૦૧૬ના પત્ર ક્રમાંક: બમશ/૧૧૧૬/૬૫૫/ગ ધ્યાને લઈ, નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

- વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ના ઠરાવની જોગવાઈ મુજબ જે મદદનીશ શિક્ષકો રૂ.૧૪૦૦-૨૬૦૦ના પગાર ધોરણમાં હોય અને નવ વર્ષ બાદ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ (રૂ.૧૬૪૦-૨૯૦૦) મેળવ્યા બાદ જ્યારે આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે તેઓને અને જે મદદનીશ શિક્ષકોએ કોઈ પણ પ્રકારનું ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ ન હોય તેવા મદદનીશ શિક્ષકોની આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે તેઓને નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૯૫ના ઠરાવ મુજબ એક ઈજાફાનો લાભ મળવાપાત્ર થાય છે.
- વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ના ઠરાવની જોગવાઈ મુજબ જે મદદનીશ શિક્ષકો ઉચ્ચતર પગાર ધોરણ મેળવી આચાર્યના પગારધોરણ સમકક્ષ અથવા ઉંચુ પગારધોરણ મેળવેલ હોય, તેઓને એક ઈજાફાનો લાભ મળવાપાત્ર થશે નહિ.
- વિભાગના તા.૦૩/૧૨/૨૦૦૯ના ઠરાવની જોગવાઈ મુજબ જે મદદનીશ શિક્ષકો ઉચ્ચતર પગારધોરણ મેળવી આચાર્યના પગારધોરણ સમકક્ષ અથવા ઉંચુ પગાર ધોરણ મેળવતા હોય અને સીધી ભરતીથી આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે તેઓને ખાસ કિસ્સામાં પગાર અને પગારધોરણના રક્ષણનો લાભ આપવાનો રહે છે. આ રીતે લાભ મેળવતા આચાર્યોને તા.૦૫/૦૧/૧૯૯૫ના ઠરાવ મુજબ એક ઈજાફાનો લાભ આપવાનો રહેતો નથી.
- વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૬ના પત્રથી કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ જે મદદનીશ શિક્ષકો ઉચ્ચતર પગારધોરણ મેળવી આચાર્યના પગારધોરણ સમકક્ષ અથવા ઉંચુ પગાર ધોરણ ધરાવતા હોય, તેવા મદદનીશ શિક્ષકો આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે તેઓને નાણા વિભાગને તા.૦૫/૦૧/૧૯૯૫ના ઠરાવ

મુજબ એક ઈજાફાનો લાભ મળવાપાત્ર નથી. આવા આચાર્યોને વિભાગના તા.૦૩/૧૨/૨૦૦૯ના ઠરાવ મુજબ ફક્ત પગાર અને પગારધોરણના રક્ષણનો લાભ આપવાનો રહે છે

- વિભાગના તા.૨૯/૧૦/૨૦૧૬ના પત્રથી કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ જે મદદનીશ શિક્ષકો ઉચ્ચતર પગારધોરણ મેળવી આચાર્યના પગારધોરણ સમકક્ષ અથવા ઉંચુ પગાર ધોરણ ધરાવતા હોય, તેવા મદદનીશ શિક્ષકો આચાર્ય તરીકે નિમણૂક પામે ત્યારે તેઓને પગાર અને પગારધોરણના રક્ષણનો લાભ મળવાપાત્ર છે પરંતુ નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૬૫ના ઠરાવ મુજબ એક ઈજાફાનો લાભ મળવાપાત્ર નથી. આવા કિસ્સાઓમાં તા.૧૯/૦૬/૨૦૦૪ થી પછી આચાર્ય તરીકે નિમણૂંક પામેલ હોય અને એક ઈજાફાનો લાભ આપવામાં આવેલ હોય તો, રીફિકસેશન કરી પગાર બાંધણી કરવાની રહેશે તથા રીકવરી કરવાપાત્ર કિસ્સાઓમાં રીકવરી પણ કરવાની રહેશે.

ઉક્ત સ્પષ્ટતા ધ્યાને લઈ, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામતા આચાર્યના પગાર બાંધણીની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- શાખા સિલેક્ટ ફાઈલ.